# <u>સ્વાતંત્ર્ય દિવસની પૂર્વ સંધ્યાએ યુજીવીસીએલ દ્વારા યોજાયો સાંસ્કૃતિક કાર્યક્રમ</u>

તારીખ ૧૪.૦૮.૨૦૧૮ના રોજ સ્વાતંત્ર્ય દિવસની પૂર્વ સંધ્યાએ ઉત્તર ગુજરાત વીજ કંપનીના માનનીય મેનેજીંગ ડિરેક્ટર શ્રી સ્વરૂપ પી. (આઈ.એ.એસ.)ના માર્ગદર્શન હેઠળ યુજીવીસીએલ દ્વારા કમળાબા હોલ, સાર્વજનિક સ્કૂલ, મહેસાણા ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં કંપનીના માનનીય મેનેજીંગ ડિરેક્ટર શ્રી સ્વરૂપ પી., મુખ્ય ઈજનેર (પી.&પી.) શ્રી પી.બી. પંડ્યા, જનરલ મેનેજર (ફાઇનાન્સ) & સી.એફ.ઓ. શ્રી આર. બી. કોઠારી, એડિશનલ ચીફ એન્જીનીયર (સિવિલ) શ્રી પી.જે. ત્રિવેદી, એડિશનલ જનરલ મેનેજર (એચ.આર.) શ્રી એ.સી. પ્રજાપતિ, એડિશનલ ચીફ એન્જીનીયર (ટેક.& વિજિલન્સ) શ્રી એન.સી. મકવાણા, એડિશનલ ચીફ એન્જીનીયર (કોમર્સ & રેનિયુએબલ એનર્જી) શ્રી જે.એલ. ભટ્ટ, એડિશનલ ચીફ એન્જીનીયર (પ્રોજેક્ટ) શ્રી એસ.એ. પટેલ, ડેપ્યુટી જનરલ મેનેજર (એચ.આર.) શ્રી એન.બી. બલાત, પાલનપુર વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેર શ્રી એલ.એ. ગઢવી, મહેસાણા વર્તુળ કચેરીના અધિક્ષક ઇજનેર શ્રી જી.એચ. એન્જિનિયર, સાબરમતી વર્તુળ કચેરીના અધિક્ષક ઇજનેર શ્રી વી.એમ. શ્રોફ, હિંમતનગર વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેર શ્રી એલ.એફ. ડાભી તથા અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ અને કર્મચારી ભાઈઓ-બહેનો તથા તેમના પરિવારજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં મેનેજીંગ ડિરેક્ટર શ્રી સ્વરૂપ પી. તથા ઉચ્ચ અધિકારીશ્રીઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.

સ્વાતંત્ર્ય દિવસને અનુલક્ષીને એક પછી એક કાર્યક્રમની વણઝાર કરવામાં આવી જેમાં અલૌકિક દેશભક્તિના દર્શન થયા હતા. કાર્યક્રમમાં મુખ્યત્વે ક્રમશઃ સ્વાગત ગીત, વકૃત્વ સ્પર્ધા, એકાંકી નાટક, દેશભક્તિ ગીતો અને નૃત્યકલાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં રજી. કચેરી, મહેસાણા, અને ચારેય વર્તુળ કચેરીના અનુક્રમે પાલનપુર, મહેસાણા, સાબરમતી અને હિંમતનગરના કર્મચારી ભાઈઓ-બહેનો અને તેઓના સંતાનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને દેશભક્તિનું અનન્ય વાતાવરણ ઉભું કર્યું હતું.

કાર્યક્રમના અંતે શ્રી સ્વરૂપ દ્વારા આ પ્રકારના કાર્યક્રમ ભવિષ્યમાં પણ યોજાય અને સર્વે અધિકારીશ્રીઓ - કર્મચારી ભાઈઓ - બહેનો અને તેઓનો પરિવાર તેમાં જોડાય તેવી આશા સેવવામાં આવી હતી.

આ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન માનનીય મેનેજીંગ ડિરેક્ટર શ્રી સ્વરૂપના માર્ગદર્શન હેઠળ એડીશનલ જનરલ મેનેજર (એચ.આર.) શ્રી એ.સી. પ્રજાપતિ અને ઇન્ડસ્ટ્રીઅલ રિલેશન ઓફિસર શ્રી વી.એચ. અસારી તથા તેઓની ટીમ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંતે સ્પર્ધકોને મોમેન્ટો આપી બિરદાવવામાં આવ્યા હતા અને અલ્પાહારનું આયોજન કરવામાં આવ્યું હતું.

ડેપ્યુટી એન્જીનીયર શ્રી કે.ડી. બારોટ દ્વારા કાર્યક્રમનું સફળ સંચાલન કરવામાં આવ્યું હતું.

## <u>ચિત્ર ફલક</u>



























